# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે "મહિલા કિશાન દિવસ"ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા તા.૧૫.૧૦.૨૦૧૭ ના રોજ "મહિલા કિશાન દિવસ"ની ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત ફળ અને શાકભાજીની મૂલ્યવર્ધિત બનાવટોનું પ્રદર્શન પણ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં અલગ અલગ ગામના ૮૨ મહિલા ખેડૂતોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠા સૂઝ દ્વારા પરિવારમાં આગવું પ્રદાન બાબતે ચર્ચા કરી. ત્યારબાદ શ્રીમતી અમીતાબેન પરમારે મહિલાઓ દ્વારા બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન તેમજ ધરૂ ઉછેર થકી આર્થિક ઉપાર્જન મેળવી શકે તે બાબતે જણાવ્યુ. શ્રીમતી અંજલી જાદવ, પ્રો.આસી.(ગૃ.વિ.) એ બાળકોમાં કુપોષણ નિવારણ અંગે માહિતી આપી. અંતે શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક(ફિશરીઝ) દ્વારા ખોરાકમાં પોષકતત્વોનું મહત્વ વિષે માહિતી આપ્યા બાદ આભારવિધિ વ્યક્ત કરવામાં આવી.

ભોજન વિરામ બાદ સર્વે બહેનોને ઔષધિય પાક કૌતુકાલય તેમજ નર્સરીની મુલાકાત કરાવેલ. જેમાં કીચન ગાર્ડન બનાવી ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) તથા શ્રીમતી અંજલી જાદવ, પ્રો.આસી.(ગૃ.વિ.) દ્વારા કરવામાં આવેલ.

## મહિલા કિશાન દિવસ"ની ઉજવણીની ઝાંખીઓ



વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીનું ઉદબોધન




વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા માર્ગદર્શન




વૈજ્ઞાનિક(ફિશરીઝ) દ્વારા માર્ગદર્શન




પ્રો.આસી.(ગૃ.વિ.) દ્વારા માર્ગદર્શન



પ્રદર્શનની મુલાકાત



ઔષધિય પાક કૌતુકાલયની મુલાકાત